**Order Below Exibit-1 on Summury Civil Suit file by Plaintiff- Green Gene Enviro Protection & Infrastructure Pvt. Ltd Through Its authorized and Legal Representative Mr. Sushil Dass :-**

વાદી ના વિ.વ.શ્રી ને સાંભળ્યા, વાદીએ દાખલ કરેલ હાલનો સમરી સીવીલ દાવો તથા તે સાથે રજુ કરેલા દસ્તાવેજી પુરાવા દૃયાને લીધા.

૧. વાદીએ હલાનો દાવો સમરી સીવીલ દાવા તરીકે દાખલ કરેલ છે અને પ્રતિવાદીઓ પાસેથી દાવામાં જણાવ્યા મુજબની રકમ લેણી નીકળતી હોય, તે વસુલ મેળવવા હાલનો દાવો સમરી દાવા તરીકે કરેલ છે. જે દાવા ની વિગતો જોતાં વાદીની પોતાની કંપની તામીલનાડુ મુકામે આવેલી હોવાનુ જણાય છે અને પ્રતિવાદીની કંપની પણ તામીલનાડુ મુકામે તા.વિલુપુરમ મુકામે આવેલ હોવાનુ જણાય છે. તે ઉપરાંત દાવાના કથનો જોતાં વાદી ધ્વારા ઔધોગીક વેસ્ટના નીકાલ માટે ની કાર્યવાહી કરેલ હોય, તેના નાણા વસુલ કરવાના બાકી હોવાનુ જણાવેલ છે, પરંતુ તે ક્યા સમય દરમ્યાન ની કાર્યવાહી ના લેણા છે તેવો કોઇ ઉલ્લેખ દાવા અરજીમાં કરેલ હોવાનુ દાવાના કથનો ઉપરથી જણાતુ નથી, વધુમાં કાયદેસરના લેણા બતાવતો કોઇ દસ્તાવેજી આધાર પુરાવા પણ દાવા સાથે રજુ કરેલા હોવાનુ જણાતુ નથી, વાદી ધ્વારા પોતાના દાવાના સમર્થનમાં દાવા સાથે લીસ્ટ થી નીચે મુજબાના દસ્તાવેજો રજુ કરેલા છે.

૧. લીસ્ટ મુજબના દસ્તાવેજ નં -૧ થી ઓથોરીટી લેટેર ની ઝેરોક્ષ
૨. લીસ્ટ મુજબના દસ્તાવેજ નં -૨ થી લેઝર બીલ ની ઝેરોક્ષ
૩. લીસ્ટ મુજબના દસ્તાવેજ નં -૩ થી નોટીસ ની ઝેરોક્ષ નકલ
૪. લીસ્ટ મુજબાન દસ્તાવેજ નં -૪ થી પ્રતિવાદીઓને મોકલેલ નોટીસ રસીદ ની નકલ

આમ ઉપરના દસ્તાવેજો સિવાય વાદી તર્ફે બિજા કોઇ દસ્તાવેજી પુરાવા રજુ થયેલા નથી, તેમજ તેઓને તે સિવાય કોઇ પુરાવા રજુ કરવા છે તે બાબતે પુછતાં તેઓએ ઈનકાર કરેલ છે. તે ઉપરાંત વાદી તથા પ્રતિવાદી વચ્ચે ઔધોગીક વેસ્ટ ના નીકાલ

માટે કોઇ કરાર થયેલ હોય, કે તેવી કોઇ કામગીરી કરવામાં આવેલ હોય તેના કોઇ બીલ્ડી કે ચલણ બનાવવામાં આવેલ હોય, તેવો કોઇ પુરાવો પણ રજુ કરેલ નથી, તેમજ વાદીએ રજુ કરેલા દસ્તાવેજોમાં જે લીસ્ટ-૨ મુજબ લેઝર બીલ રજુ કરેલ છે તેના ઉપરથી વાદીના પ્રતિવાદી પાસે ક્યા સમયના ના નાણા ક્યારથી બાકી છે તે સ્પષ્ટ થતુ નથી અને તેનો દાવામાં પણ કોઇ ઉલ્લેખ સુધ્ધાં કરેલ નથી અને જેનાથી દાવો સમય મર્યાદામાં કરેલ નથી તેમ મારુ માનવુ છે. વધુમાં સદર લેઝર બીલ માં કંપનીના કોઇ સહી સીક્કા નથી કે તે કોમ્પ્યુટરાઇઝ નકલ હોવાનુ એવીડન્સ એક્ટ ની કલમ-૬૫(બી) મુજબનુ કોઇ પ્રમાણપત્ર પણ દાવા સાથે રજુ થયેલ નથી. વધુમાં વાદી ધ્વારા જે નોટીસ પ્રતિવાદીને આપવામાં આવેલ હોવાના કથનો કરેલા છે તે નોટીસ ઉપર રજી.પો.એડી થી સદર નોટીસ મોકલાવેલ હોવાનુ જણાવેલ છે પરંતુ તેવી કોઇ રજી.પો.એડી ની સફેદ પાવતી આ કામે રજુ કરેલ નથી કે પ્રતિવાદીને નોટીસ બજાવવામાં આવેલ હોવાની એકનોલેજમેન્ટ પાવતી પણ આ કામે રજુ કરેલ નથી.

૨. આમ વાદી ધ્વારા જે કોઇ ઔધોગીક વેસ્ટ ના નીકાલ માટે ની પ્રોસેસની પ્રક્રીયા પ્રતિવાદીની કંપની સાથે કરેલ હોવાના કથનો પોતાના દાવામાં કરેલા છે તે વાદીની પોતાની કંપની તામીલનાડુ મુકામે આવેલ હોવાનુ વાદીએ જનાવેલ છે અને તમામ પ્રક્રીયા પણ પોતાની કંપનીમાં કરેલ હોવાનુ જણાય છે અને પ્રતિવાદી ની કંપની પણ આ કોર્ટ ની હકુમત બહાર આવેલ હોવાનુ દાવામાં જણાવેલ પ્રતિવાદીના સરનામા ઉપર થી સ્પષ્ટ થાય છે.આમ વાદી ધ્વારા જે કોઇ પ્રક્રીયાના નાણા બાકી હોવાનો દાવામાં કથનો કરેલા છે, તેવી કોઇ પ્રક્રીયા આ કોર્ટ ની હકુમતમાં કરેલ નથી, જેથી વાદી ધ્વારા હાલનો દાવો જેતે હકુમત માં દાખલ નહી કરતા પ્રતિવાદીનેં પ્રોસેસની બજવણી ના થાય અથવા તેઓ કાયદેસરની કાર્યવાહીમાં હાજર ના રહી શકે અને પોતાનો બચાવ ના કરી શકે તેવા બદઆશય થી આ કોર્ટની હકુમત પોતાની ઓફીસ બતાવી અને કોઇપણ જાતના નાણા વસુલી કરવાના કાયદેસરના અધિકાર બતાવતા હોય તેવા કોઇપણ પુરાવા રજુ કર્યા સિવાય આ કોર્ટમાં દાવો રજુ કરેલ હોવાનુ જણાઇ આવે છે.

૩. વધુમાં વાદીએ હાલનો દાવો સી.પી.સી ઓર્ડર ૩૭ ની જોગવાઇ મુજબ સમરી દાવા તરીકે દાખલ કરેલ છે, પરંતુ વાદીએ કોડ ઓફ સીવીલ પ્રોસીઝર ના ઓર્ડર ૩૭ રુલ ૨(૧) ની જોગવાઇઓનુ પાલન કરેલ નથી. વધુમાં કોડ ઓફ સીવીલ પ્રોસીઝર ના ઓર્ડર ૩૭ રુલ ૧(૨) હેઠળ દાવો ત્યારે જ દાખલ થઇ શકે જ્યારે આ ઓર્ડર માં કરેલ જોગવાઇઓ મુજબ,

એ. વિનીમય પત્ર , હુંડી અને પ્રોમીસરી નોટ અંગેનો દાવો હોય,

બી. જેમાં વાદી માત્ર પ્રતિવાદીએ આપવાના કોઇ દેવાની કે રોકડ નાણાંમાં રુપાંતરીત માંગણીની રકમ વ્યાજ સહીત કે વ્યાજ વગર વસુલ કરવા માંગતો હોય અને જે રકમ

૧. લેખિત કરારમાંતી ઉભી થતી હોય અથવા

૨. જેમાં વસુલ કરવામાં આવનાર રકમ નાણાંની નીશ્ચીત રકમ હોય અથવા દંડ સિવાય ના દેવાના પ્રકારની હોય, ત્યારે એૈવા અધિનીયમમાંથી ઉભી થતી હોય, અથવા

૩. મુળ ધણી સામેનો હક્ક દાવો માત્ર, દેવાના અથવા રોકડ રકમના સબંધમાં હોય, ત્યારે બાંયધરીમાંથી ઉભી થતી હોય તેવા દાવા.

આમ સદર વાદીએ દાવો કોઇ લેખિત કરારમાંથી ઉભી થતી હોય તેવી જવાબદારી બાબતે દાખલ કરેલ હોવાનુ તેમના દાવા ના કથનો થી જણાતુ નથી,વાદીએ રજુ કરેલા દસ્તાવેજી પુરાવામાં તેવા કોઇ દસ્તાવેજો પણ રજુ કરેલા નથી કે જેનાથી પ્રતિવાદી વિરુધ્ધ દેવાના તથા રોકડ રકમના સબંધમાં જવાબદારી ઉભી થતી હોય, જેથી વાદીને હાલનો દાવો પ્રતિવાદીઓ વિરુધ્ધ સમરી દાવા તરીકે દાખલ કરવા અધિકાર નથી તેમ મારુ માનવુ છે.

૪. વધુમાં વાદીઓનો સદર દાવો દાખલ કરવામાં આવે તો પણ તે દાવો સુધારેલા કોડ ઓફ સીવીલ પ્રોસીઝર મુજબ જે દસ્તાવેજો ઉપર આધાર રાખતા હોય તે તમામ રજુ કરેલ હોવાનુ માનવામાં આવે તો, રજુ કરેલા દસ્તાવેજ આધારે પ્રતિવાદીની નાણા ચુકવવાની જવાબદારી નક્કી કરી શકાય તેમ નથી, વધુમાં વાદીના કથનો તથા રજુ કરેલા દસ્તાવેજી આધાર પુરાવા જોતાં વાદીએ સને ૨૦૧૮ અને ૨૦૧૯

ના બાકી નાણા વસુલ મેળવવા હાલનો દાવો કરેલ હોવાનુ જણાય છે, જેથી વાદીના દાવાને સમય મર્યાદાનો બાધ નડતો હોવાનુ મારુ સ્પષ્ટ પણે માનવુ છે. જેથી વાદીનો દાવો દાખલ લેવામાં આવે તો પણ તે કોર્ટના ભારણ સમો બની રહેશે અને વાદીના દાવાને હકુમત, સમય મર્યાદાનો બાધ હોય, તેમજ વાદીનો દાવો યોગ્ય પુરાવા વગરનો હોય, વાદીને હાલનો દાવો પ્રતિવાદીઓ વિરુધ્ધ દાખલ કરવા કોઇ કાયદેસર કારણ હોવાનુ જણાતુ નથી, જેથી હાલનો દાવો દાખલ કરવા પાત્ર નથી તેમ મારુ માનવુ છે.

૫. આમ વાદીનો દાવો દાખલ થવા પાત્ર નથી તેમ મારુ માનવુ હોય, ત્યારે એ નક્કી કરવું જરુરી છે કે શું દાવાને દાખલ કરવાના સ્ટેજ ઉપર રદ કરી શકાય? તે સંદર્ભે નામદાર ઉચ્ચ અદાલતે પોતાના ચુકાદા સલીમભાઇ વિરુધ્ધ સ્ટેટ ઓફ મહારાષ્ટ્રમાં અપીલ ( સીવીલ) નં ૮૫૧૮/૨૦૦૨ ના ચુકાદામાં ઠરાવેલ છે કે,

A perusal of Order VII Rule 11 C.P.C. makes it clear that the relevant facts which need to be looked into for deciding an application there under are the averments in the plaint. **The trial court can exercise the power under Order VII Rule 11 C.P.C. at any stage of the suit-before registering the plaint or after issuing summons to the defendant at any time before the conclusion of the trial**. For the purposes of deciding an application under clauses (a) and (d) of Rule 11 of Order VII C.P.C. the averments in the plaint are germane; the pleas taken by the defendant in the written statement would be wholly irrelevant at that stage, therefore, a direction to file the written statement without deciding the application under Order VII Rule 11 C.P.C. cannot but be procedural irregularity touching the exercise of jurisdiction by the trial court. The order, therefore, suffers from non-exercising of the jurisdiction vested in the court as well as procedural irregularity. The High Court, however, did not advert to these aspects. We

are, therefore, of the view that for the afore-mentioned reasons, the common order under challenge is liable to be set aside and we, accordingly, do so. We remit the cases to the trial court for deciding the application under Order VII Rule 11 C.P.C. on the basis of the averments in the plaint, after affording an opportunity of being heard to the parties in accordance with law.

આમ સદર ચુકાદામાં ઠરાવ્યા ટ્રાયલ કોર્ટ કોડ ઓફ સીવીલ પ્રોસીઝર ના ઓર્ડર ૭ રુલ ૧૧ હેઠળ ની સત્તા દાવો દાખલ કરતા અગાઉ કે દાવો દાખલ કરી નોટીસ ઈસ્યુ કર્યા બાદ પુરાવો પુરો થતા પહેલા કોઈપણ સમયે ઉપયોગ કરી શકે છે, અને આમ સદર વાદીના દાવાઓને પણ સમય મર્યાદાનો , હકુમત નો બાધ હોવાનુ જણાતુ હોય, તેમજ વાદીઓએ રજુ કરેલા પોતાના દાવાના સમર્થનના દસ્તાવેજો થી અને દાવામાં કરેલા કથનો થી વાદીનો દાવો પુરાવો લઈ ચલાવ્યા બાદ પણ મંજુર કરી શકાય તેમ નથી તેમ મારુ માનવુ છે, જેથી હાલનો દાવો દાખલ કરવાથી કોર્ટનુ ભારણ વધશે અને કોર્ટનો અમુલ્ય સમય માત્ર પ્રક્રીયા પુરી કરવામાં વેડફાસે તેમ મારુ માનવુ હોય, મુજબ નીચે મુજબનો હુકમ ફરમાવુ છું.

**// હુકમ //**

વાદીનો દાવો દાખલ કરવા પાત્ર ના હોય, દાખલના સ્ટેજે રદ કરવામાં આવે છે. અને વાદીના દાવાને માત્ર સમરી દાવા રજીસ્ટરે લઈ, તેને દાખલ ના સ્ટેજે ફેંસલ કરવા હુકમ કરવામાં આવે છે.

તા.૦૮/૦૭/૨૦૨૨

પલસાણા.

જયેશ વાલજીભાઈ ચૌહાણ
પ્રીન્સીપાલ સીવીલ જજ,પલસાણા.
યુ.આઈ.કોડ નં- જીજે૦૧૪૩૧